# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૧૧૬૮-૫ તારીખ : ૧૫ - ૦૨ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
ગજેરા ભીખુભાઈ ગોરધનભાઈ
ગણેશ એપાર્ટમેન્ટ, શાસ્ત્રીનગર સોસાયટી,
મું. પો. : ઉપલેટા , તા. : ઉપલેટા , જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૪૯૦
મોબાઈલ : ૮૧૪૦૩૨૩૪૬૧

**વિષય :** પાવર વધ-ઘટ થતો હોય તે રીપેર કરી આપવા બાબત .

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૧૮-૦૧-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૪/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ધોરાજી.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉપલેટા શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૪/ક્વા-૪/૨૧-૨૨/૧૧૬૮૫ તા.૧૫.૦૨.૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૦૪/ક્વા-૪/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | : ગજેરા ભીખુભાઈ ગોરધનભાઈ ગામ: ઉપલેટા |
| પેટા વિભાગીય કચેરી | : ઉપલેટા (શહેર) |
| રજૂઆત કરનાર | : ગેરહાજર |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ.વિભાગીય કચેરી – ધોરાજી |
| રજૂઆત કરનાર | : ગેરહાજર |

**:: કોરમ ::**

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય(ટેકનીકલ) - શ્રી આર.જી.ગોવાણી

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૦૮-૦૨-૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮-૦૨-૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં સમાધાન થયેલ હોય બન્ને પક્ષકારો હાજર રહેલ ન હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓ ગણેશ એપાર્ટમેન્ટ શાસ્ત્રીનગર ઉપલેટા ખાતે ગ્રાહક નં.૩૪૦૦૫/૦૦૫૬૧/૬ થી ગણેશ ડેવલોપર્સના નામથી રહેણાંક વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં અવાર-નવાર પાવર વધ-ઘટ થઈ જતા ઇલેક્ટ્રોનિકસ આઈટમ બંધ થઈ જાય છે અને તે રીપેર કરાવવી પડે છે તેમજ ટ્યુબલાઈટ, બલ્બ, પંખા વગરે બળી જાય છે. જે અવાર-નવાર નવા નાખવા પડેલ છે અને પાવર વધ-ઘટના લીધે બળી જવાની પણ સંભાવના રહે છે. સદર બાબતે અરજદાર દ્વારા સદર જગ્યાનું વાયરીંગ તપાસ કરાવતા તેમાં કોઈ ખામી નથી અને અવાર-નવાર પાવર વધ-ઘટ થઈ જતા ઇલેક્ટ્રોનિકસ

આઈટમ બંધ થઈ જાય છે. સદર બાબતે અરજદાર દ્વારા સંલગ્ન પેટા વિભાગીય કચેરી ખાતે રૂબરૂ ફરિયાદ કરેલ છે. તેમજ લેખિતમાં પણ અરજી કરેલ છે. પરંતુ પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા કોઈ યોગ્ય પ્રતિસાદ મળેલ નથી તથા સદર અવાર-નવાર પાવર વધ-ઘટના પ્રોબ્લેમનું કોઈ નિરાકરણ થયેલ ન હોય સદર બાબતે યોગ્ય કરવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે શ્રી ગજેરા ભીખુભાઈ ગોરધનભાઈ, રહે. ગણેશ એપાર્ટમેન્ટ, શાસ્ત્રીનગર સોસાયટી, ઉપલેટા એ પાવર વધ-ઘટ અંગે સબંધક પેટાવિભાગીય કચેરીને તા.૨૯.૦૧.૨૨ના રોજ રજૂઆત કરેલ છે.

3.૧ અરજદાર દ્વારા અગાઉ પણ તા.૧૮-૦૧-૨૦૨૧ થી પાવર વધઘટ થતો હોવાની અરજી કરેલ છે જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સદર અરજદારના સ્થળની ચકાસણી કરીને લોડ સાઈડ સપ્લાય વોલ્ટેજ માપતા ૨૪૫ વોલ્ટ માલુમ પડેલ તેમજ ગ્રાહકની સ્થળ પરની રજૂઆત મુજબ તેઓના કનેકશનનો ફેઝ સપ્લાય બદલી આપવામાં આવેલ.

3.૨ અત્રેની કચેરી દ્વારા ફરીથી તા.૨૯.૦૧.૨૦૨૨ નાં રોજ અરજદારને ત્યાં સ્થળ તપાસણી કરવામાં આવેલ તેમજ સ્થળ રોજકામ કરવામાં આવેલ તે મુજબ ગ્રાહકના લોડ સાઈડ સ્થળ પર સપ્લાય વોલ્ટેજ ૨૪૪-૨૪૫ વોલ્ટ ફેઝ ટુ ન્યુટ્રલ આવેલ તેમજ અરજદાર તેમજ આસપાસના અન્ય ગ્રાહકોના વિજઉપકરણો સામાન્ય સ્થિતિમાં ચાલતા હોવાનું તથા સપ્લાયમાં અન્ય કોઈ અનિયમિતતા ન હોવાનું માલુમ પડેલ છે.

3.3 વધુમાં અરજદારના જણાવ્યા મુજબ, તેઓના કપડા ધોવાનું વોશિગ મશીન બરાબર ચાલતું ન હોય અરજદારને જે ટ્રાન્સફોર્મરમાંથી સપ્લાય આપવામાં આવે છે તે બદલી આપવા તેઓએ રજૂઆત કરેલ જે દિવસ-૧૦માં અત્રેની કચેરી દ્વારા બદલી આપવામાં આવશે. આમ, અરજદારની ફરિયાદનું સુખદ નિરાકરણ થયેલ છે જે અન્વયે અરજદારની સહી વાળી લેખિત રજૂઆત તા.૦૭.૦૨.૨૦૨૨ થી આપેલ છે તે મુજબ સમસ્યાનું નિરાકરણ થયેલ હોય તેઓને હવે કોઈ ફરિયાદ રહેતી નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત અને સામાવાળાની લેખિત રજૂઆત તથા રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગજેરા ભીખુભાઈ ગોરધનભાઈ ગણેશ એપાર્ટમેન્ટ શાસ્ત્રીનગર ઉપલેટા ખાતે ગણેશ ડેવલોપર્સના નામથી ગ્રાહક નં.૩૪૦૦૫/૦૦૫૬૧/૬ થી રહેણાંક વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારની મુદ્દા નં – ૨.૦ મુજબની રજૂઆતના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૩ મુજબની વિગતે બન્ને પક્ષકારો વચ્ચે સમસ્યાનું સમાધાન થયેલ છે જે બદલ અરજદારની લેખિત રજૂઆત તા.૦૭.૦૨.૨૦૨૨ મુજબ અરજદારને સદર બાબતે કોઈ ફરિયાદ રહેતી નથી.

૪.3 આમ, ફોરમ કક્ષાએથી કંઈ કરવાનું રહેતું ન હોય,અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.જી.ગોવાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |